
# કોરોના મહામારીની આડઅસરો કે સુઅસરો..?



આજે તો અમારે કોવિડ-૧૯ એટલે કે કોરોનાની આડ અસર કે સુઅસરોની વાતો કરવી છે.

● ઘરમાં ઉંમરલાયક પતિ પત્ની બે જ જણ એકલાં રહેતાં હોય તો ય પણ જો બેમાંથી એકાદ જણને જો ઉધરસ આવે કે છીંક આવે તો બીજી વ્યક્તિ હવે એકદમ એલર્ટ થઈ જાય છે....પહેલાં આવું કશું થતું ન હતું..

● રસ્તે ચાલતાં ચાલતાં કોઈનો ફોન આવી જાય ને વાત શરૂ કરીએ અને એ દરમિયાન ચાલતાં ચાલતાં બોલવાને લીધે જો હાંફ ચઢે અને એની સામેના છેડા પરની વ્યક્તિને અનુભૂતિ થાય તો એ ગભરાઈ જાય છે ને 'અરે તમે અંકલ, સાચવજો હોં તમને હાંફ ચઢતી લાગે છે 'કહી એ ફોન ઝડપથી પતાવી દે છે..

● આવી જ રીતે કોઈને ફોનમાં કોઈ ઉધરસ ખાય તો એ સાંભળીને એ ડરી જતા હોય છે અને તરત જ તે વ્યક્તિના ખબર અંતર પૂછવા લાગી જાય છે તેમ જ ટેસ્ટ બેસ્ટ કરાવી લેવા સલાહ સૂચન આપવા લાગી જાય છે..

● કોઈના ઘરમાં, અડોશ પડોશમાં કે મોલમાં કે ઓફિસમાં તમારી આજુ બાજુમાં કોઈ ઉધરસ ખાય કે છીંક ખાય તો કેટલી બધી બીક લાગી જાય છે, આપણે ભયભીત થઈને આજુ બાજુ જોવા લાગીએ છીએ.. અને અહીંથી જલદી ભાગો એવું મનમાં થઈ જ જાય છે..

● આવા જ જાહેર સ્થળે આપણને ખુદને પણ જો



## સહેજ મલકીએ..!

અનંત પટેલ

છીંક કે ઉધરસ આવે તો મનમાં ચિંતા થાય છે, ને એમાં ય જો હાથ રૂમાલ ભૂલી ને આવ્યા હોય તો એનું ભારે ટેન્શન થઈ જાય છે..

● વર્ષો પહેલાં લોકોને તાવ આવતો હતો, ઉધરસ પણ આવતી હતી, શ્વાસ પણ ચઢતો હતો છતાં આજે આ જ લક્ષણો થી જે ભય ઉભો થઈ જાય છે છે એવું કશું એ વખતે કોઈને થતું ન હતું. લોકો દવાખાને જઈ શાંતિથી દવા લેતા હતા અને મોટા ભાગના લોકો સાજા પણ થઈ જતા હતા...અરે આજે ય મહદ અંશે બધા સાજા થઈ જ જાય છે પણ કોરોનાનો હાઉ તો જબર દસ્ત છે...

● દુકાનોમાં, બસ સ્ટેશનો પર, બેંકોમાં કે અન્ય કોઈપણ જાહેર સ્થળો પર પોતાના કામ કાજ અર્થે આવતા લોકો સોશીયલ ડિસ્ટન્સ માટેના નિયમોનું જડબે સલાક પાલન કરતા જોવા મળે છે જે ઘણી જ સારી અસર છે.

● લોકો કારણ વગર ઘરની બહાર જતા સ્વયંભૂ રીતે બંધ જ થઈ ગયા છે..

● મોટા સમારંભો, જલસા, ભોજન સમારંભો, સભાઓ, મેળાવડા વગેરે પર નિયંત્રણો હોવાથી લોકોના ખર્ચમાં કાપ પડ્યો છે જે ઘણી સારી અસર થયેલી છે...

● દવાખાનાં તેમ જ અન્ય જાહેર સ્થળો, કચેરીઓ વગેરેમાં સ્વચ્છતાનું ધોરણ બહુ જ ઉંચુ જોવા મળે છે..

● લોકોમાં શિસ્ત પાલનનું ધોરણ વધી ગયું છે..

● લોકોમાં પોતાની રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે જાગ્રુતિ આવી ગઈ છે...

● લોકો બહારનું ખાવાને બદલે મનગમતી વાનગીઓ યુ ટુબ પર આવતી રેસિપિઓ જોઈને ઘેર જ બનાવતા થઈ ગયા છે અને પોતે બનાવેલી વાનગીઓના ફોટા વોટ્સ અપ ઉપર એક બીજાને શેર કરતા થયા છે...

● લોક ડાઉનને કારણે પતિ દેવો ઘરે રહેવાથી કેવા કેવા ફાયદા કે ગેર ફાયદા પતિ પત્નીઓને થયા છે એની તો વાત થાય એમ જ નથી. જો કોઈ સ્વૈચ્છિક સંસ્થા આ બબતે સર્વે કરાવે તો ઘણી જ રસપ્રદ વિગતો જરૂર જાણવા મળે...

● સંતાનોને મમ્મી પપ્પાનો પ્રેમ પહેલી જ વાર સંયુક્ત રીતે માણવા મળ્યો...ક્યાંક આનાથી કશું ઉલટુ ય બન્યુ હશે..!!

● મોટા ભાગના કાર્યક્રમો હવે ઓનલાઈન થવા લાગ્યા છે એ ભવિષ્ય માટે સારી નિશાની છે...ક્યાંય બહાર જવાનું જ નહિ, પેટ્રોલની બચત, નાસ્તા પાણીની બચત, સમયની પણ બચત...પાછું એ કાર્યક્રમોનું રેકર્ડીંગ પણ થાય એટલે ફરી વાર સરળતાથી જોઈ શકાય...જો ઓન લાઈન માં તમે હાજર ન રહી શકો તો પણ એને પાછળથી ય તમે તમારી અનુકૂળતાએ માણી શકો છો...

વાહ ભાઈ ફાયદા હી ફાયદા , કોરોનાને તો આપણે એક દિવસ ભગાડી જ દેવાના છીએ પણ એમાંથી મળેલા ફાયદા તો સહુ સતત યાદ રાખશે અને અનુસરશે એમાં બે મત છે જ નહિ..

- anantpatel135@yahoo.com
મો. ૯૮૯૮૪ ૦૯૦૫૩

# ગાંધીનગરની દીકરી અને લોકપ્રિય અભિનેત્રી પ્રાંજલ ભટ્ટે પ્રભુતાનાં પગલાં પાડ્યા

## સેલીબ્રિટીઝ યુગલે સાદાઈથી લગ્ન કરી સાદગીનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરની દીકરી અને દેશવિદેશમા નામના મેળવનાર ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય અભિનેત્રી પ્રાંજલ ભટ્ટે તાજેતરમાં દિલ્હીના પ્રતિષ્ઠિત યુવા ઉધોગપતિ સુમિત કુમાર ચૌધરી સાથે લગ્ન કરી પ્રભુતામા પગલા પાડયા છે.

ગુજરાતી ફિલ્મોમા નંબર વનનું સ્થાન ધરાવતી લોકપ્રિય ફિલ્મ અભિનેત્રી પ્રાંજલભટ્ટ અને એમબીએ ટોપર તેમજ એન્જિનીયર થયેલા ઔધોગિક ક્ષેત્રે ખ્યાતિ ધરાવતા ઉધોગપતિ સુમિત ચૌધરી બન્ને સેલિબ્રીટીઝ હોવા છતાં આ યુગલે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સાદાઈથી લગ્ન કરી દામપત્યજીવનમા સાદગીનું ઉત્તમ પ્રેરણાદાયી ઉદાહરણ પુરૂ પાડ્યુંછે.

શિસ્ત અનુશાસન અને સમયપાલનના ચુસ્ત આગ્રહી રહેલા લોકપ્રિય ફિલ્મ અભિનેત્રી પ્રાંજલભટ્ટ દિલ્હીના ખ્યાતનામ ઉધોગપતિ સુમિત ચૌધરી સાથે લગ્નગ્રંથિથી જોડાયાની જાણ થતાં ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયાના હોદેદારો,ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના ફિલ્મ નિર્માતાઓ, કલાકારશ્રીઓ, સામજિક આગેવાનો, અગ્રણી ઉધોગ પતિઓ,રાજકીય અગ્રણીઓ, પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મિડીયાના વરિષ્ઠ પત્રકારો, સગાસંબંધીઓ અને સ્વજનોએ ખુશી વ્યકત કરી નવદંપત્તિને સફળ દાંપત્યજીવનની શુભેચ્છાઓ પાઠવીછે.

મૂળ ઉત્તર ગુજરાતના ઐતિહાસિક શહેર કડીના વતની અને શિક્ષણક્ષેત્રે ગૌરવપૂર્ણ યોગદાન આપનારા સંનિષ્ઠ કેળવણીકાર પ્રો યશચન્દ્ર જે. ભટ્ટના સુપુત્રી પ્રાંજલ ભટ્ટે માત્ર સત્તર વર્ષની ઉમરે અભિનય કારકિર્દીનો પ્રારંભ કરી એક પછી એક સુપરહીટ ફિલ્મોમા અભિનય કરી સફળતાના શિખરો સર કરી રાજય અને રાષ્ટ્રીય સ્તરે અનેકાનેક પ્રતિષ્ઠિત એવાર્ડથી સન્માનીત થઈને દેશવિદેશમા નામના મેળવી ગુજરાતનું સર્વોધિક ગૌરવ વધાર્યુ છે.

ભક્તિ સંગીત, રાસ ગરબા, લોક ગીતો અને ફિલમીગીતોના પંદરસોથી વધારે સીડી આલબ્મોમા રેકોર્ડબ્રેક અભિનય કરનાર પ્રાંજલ ભટ્ટે સુપરહીટ ગુજરાતી ફિલ્મોમા પ્રમુખ ભૂમિકા કરી શ્રેષ્ઠ અભિનેત્રીનું બિરૂદ પ્રાપ્ત કરી ફિલ્મ નિર્માણ ક્ષેત્રે પ્રથમ ફિલ્મ ધી એન્ડનું સફળતાપૂર્વક નિર્માણ કરી ફિલ્મ જગતને પોતાની અદભુત ટેલેન્ટનો પરિચય કરાવ્યોછે. ફિલ્મોમા અભિનય ઉપરાંત પ્રાંજલ ભટ્ટ સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે, બીજેપીના સક્રિય કાર્યકર રહીને સ્ટાર પ્રચારક તરીકે તેમજ બ્રહ્મ સમાજની વૈવિધ્યસભર સમાજ ઉત્કર્ષની સેવાપ્રવૃત્તિઓમા યશસ્વી યોગદાન આપી રહ્યા છે.



# એમ બી પટેલ કન્યા પ્રા.શાળામાં ધો-૬ વિદ્યાર્થીની બહેનોએ વિજ્ઞાન વિષયમાં ઓનલાઈન સૌરમંડળનો પરિચય કરાવ્યો





ગાંધીનગર, તા. ૨૫

શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ-૬ની વિદ્યાર્થીની બહેનોને પ્રોત્સાહિત કરવા અને સતત નવું કરવાની જિજ્ઞાસા વધારવા તેમના વિજ્ઞાન વિષયના શિક્ષક સ્મિતાબહેન જોષીના સૌરમંડળના ગ્રહોની જાણકારી દર્શાવતા પ્રોજેક્ટ સ્વયં બનાવી વીડિયો દ્વારા વિદ્યાર્થીનીઓને મોકલી એન વિદ્યાર્થીનીઓમાં રહેલી જ્ઞાન ઉત્સુકતાને પણ બહાર લાવવા સુંદર પ્રયોગ કર્યો હતો. વિદ્યાર્થીની બહેનોએ પણ સૌરમંડળના અલગ અલગ ગ્રહોની જાણકારી વીડિયો બનાવી સ્કૂલમાં શિક્ષકને મોકલ્યો હતો. આમાં તેમના વાલીઓએ પણ સુંદર સાથસહકાર આપ્યો હતો.

વિજ્ઞાન અને ટેકનોલોજી શબ્દને સાર્થક કરી શકાય તેમ વિજ્ઞાનનું જ્ઞાન અને વીડિયો બનાવવાની ટેકનોલોજીનું જ્ઞાન બંને વિદ્યાર્થીનીઓ બહેનોએ પ્રાપ્ત કર્યું હતું. તે બદલ શાળાના આચાર્યાબેન નિરુબેને અભિનંદન પાઠવ્યા હતા. શાળાના સુપરવાઈઝર ભગવતીબેન પટેલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.





લાયન્સ કલબસ ગાંધીનગર દ્વારા એન્વાયરમેન્ટ અંતર્ગત 'વૃક્ષારોપણ' નો કાર્યક્રમ સોલા સિવિલ હોસ્પિટલમાં રાખવામાં આવ્યો હતો. જેમાં અલગ અલગ જગ્યાએ '૧૦૦૦' જેટલા વૃક્ષો વાવણી કરવામાં આવનાર છે. જેના ભાગરુપે શરૂઆતમાં મેઈન પ્રવેશદ્વારમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં માનનીય ડિસ્ટ્રિક્ટ ડાયરેકટર એલ. કે. વાઘેલા, અમદાવાદ મહાનગરપાલિકા કાઉન્સીલર ધનજીભાઈ પ્રજાપતિ તથા ડાયરેક્ટર વીઝન કે. પી. પ્રજાપતિ, બોર્ડના સભ્ય મોહનભાઈ અને સોલા હોસ્પિટલના સુપ્રીટેન્ડેટ ડૉ. સોનીબેન તથા આરએમઓ સાહેબ ઉપસ્થિતિ રહ્યા હતા. આ પ્રસંગે પીઆઈયુના સ્ટાફની સરાહનીય કામગીરી હતી.

# ન બોલી શકતા કે ન સાંભળી શકતો વિદ્યાર્થી બન્યો આત્મનિર્ભર : કરણ શાહ

ગાંધીનગર, તા. ૨૫

એચ.કે.આર્ટ્સ કોલેજના ફાઈનલ ઈયર બીએમાં અભ્યાસ કરતો વિધાર્થી કરણ પોતે યુ ટયુબ વિડિયો બનાવીને રોજે રોજના લગભગ રૂા.૧૦૦૦ કમાય છે. કરણ શાહ હાલમાં મુખ્ય વિષય કમ્પ્યુટર સાથે બીએ કરી રહ્યા છે. આ વિધાર્થી બોલી શકતો નથી કે સાંભળી શકતો નથી. છતાં પણ અત્યાર સુધીના ચાર સેમેસ્ટરમાં પ્રથમ વર્ગ આવ્યો છે. સતત મહેનતુ અને પરિશ્રમી વિધાર્થી છે. તેના ઘરમાંથી બધાનો સપોર્ટ છે.

છેલ્લા થોડા સમયથી કોરોનાના સમયગાળામાં કંઈક નવું કરવાની વાત કરતો હતો. જેની વાત તેમના કુટુંબીજનો તથા પ્રા ડૉ. વિમલ પંડ્યાને કરી અને ચર્ચાને અંતે સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે અને ભવિષ્યમાં આત્મનિર્ભર થઈ જાય તે માટે થઈને યુ ટયુબ ચેનલ શરૂ કરવાનું નકકી કર્યું.

કરણ શાહે ITH DEAF- INDIA



TALKING HANDS નામથી યુ ટયુબ ચેનલ શરૂ કરી. આ ચેનલમાં દેશ વિદેશના સમાચાર, જોકસ,મીમીકી વગેરે બનાવીને રોજના બે વિડીયો મૂકે છે. લગભગ ૧૫૦૦ જેટલા લોકો રેગ્યુલર તેની વિડીયો જુએ છે અને દરરોજના યુ ટયુબમાંથી ૧૦૦૦ થી ૧૨૦૦ રૂપિયા કમાય છે.

## સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ તથા સ્વતંત્રતા દિવસ પર ૧૫મી ઓગસ્ટ ૨૦૨૦ના રોજ બપોરે બે વાગ્યે આયોજિત હિન્દી ઓનલાઈન કવિ સંમેલન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રેબલ ટ્રસ્ટના ઉપક્રમે પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ કવિ લેખક અને અનુવાદક દ્વારા તારીખ ૧૪ ઑગસ્ટ ૨૦૨૦ ના રોજ બપોરે બે વાગ્યે સ્વતંત્રતા દિવસ ની પૂર્વ સંધ્યાએ સ્વતંત્રતા વિષય પર હિન્દી માં ઑન લાઈન કવિ સંમેલન મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા મંચ પર આયોજિત કરવામાં આવ્યું છે જેમાં અંદાજીત ૧૫૨ કવિ ઓ અખિલ ભારતીય ક્ષેત્રમાથી જોડાઈ ગયા છે. ભારત દેશ માથી સ્વતંત્રતા વિષય પર હિન્દીમાં ઑન લાઈન ઘણા કવિ ઓ જોડાવા માંગતા હોવાથી તેઓના દેશ પ્રેમ ને માન આપીને તારીખ ૧૫ ઑગસ્ટ ૨૦૨૦ ના રોજ પણ બપોરે બે વાગ્યે સ્વતંત્રતા વિષય પર હિન્દી માં ઑન લાઈન કવિ સંમેલન આયોજિત કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું સંચાલન સચિવ રમેશ ભાઈ મૂલવાણી અને વિનિત અસર પ્રસિધ્ધ સાહિત્યકાર અમદાવાદ દ્વારા કરવામાં આવશે.

# કોવિડ-૧૯ મહામારીથી બચવા સાદરા ખાતે રોગપ્રતિકારક શક્તિ વધારવાનું અભિયાન હાથ ધરાયું

ચિલોડા, તા. ૨૫

કોવિડ-૧૯ મહામારીથી બચવા માટે અગમચેતીના ભાગરુપે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાને ચેપરહિત કરવા માટેનું અભિયાન સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવાની રાહબરી દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

જેમાં પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર, સુક્ષ્મ જીવાણુ વિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ વિભાગ અને બી.એ. વિભાગના તમામ







કાર્યાલયો, જાહેર રસ્તાો, ગૌણ-મુખ્ય દરવાજાઓને ૦.૨ ટકાનું સોડિયમ હાઈપોકલોરાઈડ દવાના દ્રાવણનો છંટકાવ કરવામાં આવ્યો.

કોરોના વાયરસ સામે ટકવા માટે રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરવા માટે સમસમની વટી આરોગ્ય વર્ધક આયુર્વેદિક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંકુલના વિવિધ ભાગોમાં સિત્તેર સેવકોને ઘેર ઘેર જઈને આયુર્વેદિક ઉકાળો બનાવી પીવડાવવાનું કાર્ય મહારાજ પ્રભુલાલ ઔદિત્ય તેમજ ઈન્ચાર્જ સંયોજક ડૉ. રાજેન્દ્ર જોષીના સાથ સહકારથી હાથ ધરાયું હતું.

# જન્મદિને વધામણી



જસ્મીન હર્ષદભાઈ જોષી
મો. ૯૮૨૫૩ ૨૨૯૦૨



અક્ષય વાસુદેવભાઈ પટેલ
મો. ૮૪૦૧૪ ૪૦૩૭૫



શુભમ એ દવે



પારુલબેન એન ત્રિવેદી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ




આર્યા નમન ભટ્ટ
મો. ૯૪૨૮૪ ૧૧૩૬૫



દિવ્યાંગ ઓચ્છવલાલ શાહ



અદિતિ જયેશકુમાર શાહ



ધૈર્ય ભાવિક ગુરૂબક્ષાણી
મો. ૮૫૧૧૦ ૪૭૮૪૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક